ગાયકવાડી રાજ્યના ગુજરાતી.

શિશુ શિક્ષણ નીતિ સાર.

ગુજરાતી પાંચમા અને છઠ્ઠા ધોરણના

વિદ્યાર્થીઓની માટે.

છપાવી પ્રગટ કરનાર.

કીરપાશંકર બાપુજી શેલત.

નિશાળના મહેતાજી.

મુકે દેહવા,

ગાયકવાડી રાજ્યના ગુજરાતી.

શિશુ શિક્ષણ નીતિ સાર.

ગૂજરાતી પાંચમા અને છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓની સુગમતા સારૂ કાઢેલો નોટ.

છપાવી પ્રગટ કરનાર.

કીરપાશંકર બાપુજી શેલત.

સ૦ ગૂ૦ નિશાળના મહેતાજી.

બહીએલ તાલુકે દેહગામ.

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રેસ.

સને ૧૮૯૭-૯૮. સંવત ૧૯૫૪.

કિંમત રૂ. ૦-૨-૦



પ્રસ્તાવના.

દુનિયામાં મનુષ્ય જાતને નીતિની પહેલી જરૂર છે. એના વડેજ માણસ સદાચરણીને સુખી થઇ શકે છે. કોઇ માણસ ગમે તેવો બળવાનને બુદ્ધિવાન હોય પણ જો તે સુનીતિવાન ન હોય તો જન મંડળમાં કોઇ તેને પસંદ કરતું નથી, ને વિશ્વાસપાત્ર ગણતું નથી. એક માણસને માટે નીતિની જેટલી જરૂર છે, તેટલીજ એક પ્રજાને માટે પણ છે જે પ્રજામાં ધર્મ નીતિનું તત્વ ઓછું હોય છે તેની મોડી વહેલી દુર્દશા થયા વગર રહેતી નથી. આ કારણથી હરેક દેશમાં નીતિ એ કેળવણીનો એક અગત્યનો ભાગ ગણાય છે.

આ દેશમાં હિંદુ, મુસલમાન, પારસી વગેરે ભિન્ન ભિન્ન ધર્મના લોકો વસે છે. ને દરેક ધર્મમાં જૂદા જૂદા અનેક પંથો છે. તેઓ એક બીજાના ધર્મ નીતિના કાનુનો ના પસંદ કરે છે. તેથી અંગ્રેજ જેવી શાણી સરકારે અમુક ધર્મ કે અમુક પંથના નીતિ ધર્મના નિયમોનું શિક્ષણ નિશાળોમાં દાખલ કર્યું નથી. અને સર્વ ધર્મના લોકોને અનુકુળ આવે એવી સામાન્ય નીતિના પાઠ વાંચન માળામાં દાખલ કરેલા છે.

માણસ જાતને ઇશ્વર ભક્તિને સદાચારની જરૂર છે. અને તેના સિવાય દુનિયાં સુખી થઇ શક્તિ નથી. એ ધોરણપર વાંચન માળામાં નીતિના પાઠોની રચના કરેલી છે. અને તે કોઇપણ ધર્મના લોકોને બાધકારક નથી. આ પાઠ દરેક નિશાળમાં વાંચનમાં શીખ-

વવામાં આવે છે. આવું શિક્ષણ સુમારે ચાળીસ વર્ષથી ચાલતાં છતાં અનુભવથી જણાય છે કે, ઉછરતી પ્રજામાં નીતિ ધર્મનું તત્વ ઘણું ઓછું છે. માટે હાલમાં ગાયકવાડી નિશાળોના મેહેરબાન વરિષ્ટ અધિકારી સાહેબ બહાદુરે વાર્ષિક પરિક્ષાના સ્ટેંડર્ડમાં ઇતિહાસ, ભૂગોળની પેઠે નીતિનો વિષય લેવાને દાખલ કરેલો છે. કે જેથી એ વિષય ઉપર શિક્ષકો હમેશ કરતાં વધારે ધ્યાન આપે.

વાંચનની ચોપડીઓમાં જે નીતિના પાઠ આપેલા છે તેમાંથી એ વિષયની છોકરીઓની પરીક્ષા લેવાની છે માટે એ વિષય તૈયાર કરવાને છોકરાઓને સુગમ પડે તેટલા સારૂ વાંચનમાળાના પાઠોને અનુસરીને મેં આ ચોપડી નોંધ તરીકે તૈયાર કરી છે.

આ નોંધ પોથીનાં પ્રુફ વગેરે તપાસવામાં અમદાવાદ શાહાપુરની નિશાળના હેડમાસ્તર મી. નનામીયાં રસુલમીયાંએ જે તસ્દી લીધી છે તેને માટે આ પ્રસંગે તેઓ સાહેબનો હું ઉપકાર માનું છું.

પુસ્તક રચવામાં આ મારો પહેલો પ્રયત્ન છે. માટે તેમાં જે ખામી જણાય તે વિદ્વાનો દર ગુજર કરશે.

તા. ૪-૧૦-૯૭, મુ. બહીએળ. } કીરપાશંકર બાપુજી. સેલત. બહીએલ. સ. ગુ. શાળાના મહેતાજી

શિશુ શિક્ષણ નીતિ સાર.

ભાગ ૧ લો.

પાઠ ૧. વિદ્યા શા માટે ભણવી.

નાના ઝાડની ડાળીઓ, વાળે તેમ વળાય;
વળે મહેનતથી નહીં, જ્યારે મોટું થાય.
બાળપણામાં પુરૂશ જે, વિદ્યા ભણ્યો ન હોય;
પશુ જેવો તે જગતમાં, છતમાં છે નર તોય.

વિદ્યા ભણવાથી બુદ્ધિ કેળવાય છે, ને વધે છે, શાણપણ આવે છે, તેથી હુનર કળાનો વધારો થઇ સુખ સંપત્તિ ને આબાદી વધે છે. માટે સર્વ માણસે વિદ્યા ભણવી.

દા. ૧—અંગ્રેજ લોકો પ્રાચીન કાળમાં જંગલી સ્થિતિમાં હતા, તે હાલ કેળવણી હુન્નર, ને સમૃદ્ધિમાં શ્રેષ્ટ ગણાય છે, તે વિદ્યાવડેજ–વિદ્યા ન ભણવાથી માણસ મૂર્ખ, વહેમી ને નિરૂદ્યમી રહે છે. અને તેથી દેશની ખરાબી થતી જાય છે.

અભણ માણસ પોતાની જીંદગી ઢોરની માફક અથડાઈ, કુટાઇને નિર્ધન અવસ્થામાં ગાળે છે. માટે બાળપણનો અમૂલ્ય વખત નકામો ન ગાળતાં નિયમીતપણાની ટેવ પાડી નીતિમાન થઇ હુ-

નરકળા શીખવાં. વખત નકામો ગુમાવનારને કેવું દુઃખ ભોગવવું પડે છે, તે નીચેના તીડના દાખલા ઉપરથી જણાશે.

દા. ૨—એક તીડ મોસમ વખતે દાણા ન ભરી રાખી મોજ મજા માણી ઉનાળાના વખતમાં ઉધમી મધમાખીના મધપૂડા પાસે ભીખ માગવા ગયું; પણ તેમણે કહ્યું કે, આળસુને મદદ કરવી એ મોટું પાપ છે, માટે તારૂં કર્યું તુંજ ભોગવ એમ કહી હાંકી કાઢયું ભૂખથી બિચારૂં તીડ આખરે મરી ગયું.

(વાં-મા-પુ-૬ પાઠ. ૧ જુઓ)

પાઠ ૨ ફરીથી કરો.

ફરીથી કરો એટલે વારેવારે પ્રયત્ન કરવો એ શબ્દનો ઉ-પયોગ દરેક કામ કરતાં પહેલાં સારા નરસાનો વિચાર કરી કરવો જોઇએ; નહિતો ઉલટું પરિણામ થાય છે.—

ગમે તેવું મહાભારત કામ હોય. તે કામ કરવામાં મચ્યાને મચ્યા રહીએ તો ફતેહમંદ નીવડીએ છીએ. માણસે કામથી હઠવું નહિ, પણ કામને હઠાવવું જોઇએ.

દા. ૧—આલફ્રેડ રાજા વારેવારે શત્રુઓથી હારી એક દી-વાલ પાસે સુતો હતો, તેવામાં દીવાલ ઉપર ચઢતી ગોકળ ગાય દીઠી, તે વારેવારે ચઢતી પણ અધવચથી પડી જતી આખરે હી-મત રાખી દીવાલ ઉપર ઠેઠ પહોંચી. આ જોઇ તે ઉઠયો, ને શત્રુના લશ્કર ઉપર પોતાના લશ્કરની મદદથી ચઢાઇ કરી. ઘણી વખત હાર્યો, ને આખરે દુશમનોને હરાવી પોતાની ગાદી પાછી મેળવી. નઠારા કામમાં તેનો ઉપયોગ કરવાથી નઠારૂં પરિણામ આવે છે.

દા. ૨—એક માણસ લાકડાનો ઢગલો કૂદવા લાગ્યો, પણ કૂદી શક્યો નહીં, ત્યારે ફરીથી કરો, એ શબ્દને અનુસરી ફરી કૂદયો, ને પગે વાગ્યું, તોએ જંપ્યો નહિ, ને ફરી કૂદવા દોડ્યો, ત્યારે પગ ભાગ્યો, ને નિષ્ફળ થઇ, પસ્તાવા સાથે દુઃખ ભોગવવા લાગ્યો.

(જુઓ–વાં–મા–પુ–૬ પાઠ. ૨

પાઠ ૩ અવિચાર.

મૂર્ખાઇ ભરેલાં કામથી પસ્તાવું પડે છે, માટે જે કામ કરવું, તે શાણપણથી વિચારીનેજ કરવું. નહિતો પાછળથી થતો પસ્તાવો કોઇપણ ઇલાજથી મટતો નથી. નીચેનાં કામ માણસ વગર વિચાર્યે કરે તો પસ્તાવું પડે છે.

૧. નાનપણમાં વિદ્યા ન ભણવાથી, રખડતા ફરવાથી.
૨. ફુલાઇને વગરવિચાર્યું ખર્ચ કરી દેવાળું કાઢવાથી.
૩. જેના ઉપર આપણો આધાર હોય, તેનો નાશ કરવાથી.
૪. બાળવિવાહ, ને કજોડાં કરી બાળકોને બુઢ્ઢા સાથે પરણાવવાથી.
૫. સગાંવહાલાં સ્નેહી સાથે વૅર કરી માબાપને નડવાથી.
૬. વગર વિચાર્યું કોઇપણ કામ કરવાથી.
૭. માબાપ, ગુરૂનું કહ્યું નહિ માનવાથી.
૮. જૂઠું બોલી છેતરવાથી.
૯. ચોરી, લુચ્ચાઇ દોંગાઇ, ને બીજાં નઠારાં કામ કરવાથી.

(જુઓ વાં–મા–પુ–૬ પાઠ ૮)

પાઠ. ૪ સાહસ.

સમજ્યા વિણુજે નરધરે, હૃદયવિષે અતિરોશ;
પાછળથી પસ્તાય તે, લાજે દેખી દોશ.

સાહસ, એટલે વગર વિચાર્યું કામ કરવાથી, અત્યંત પસ્તાવુ પડે છે. ને આપણુને ઘણું નુકશાન થાય છે. માટે જે કામ કરવું તે વિચારીને ડાહપણુથી કરવું, જેથી પસ્તાવું પડે નહિ.

દા. ૧—સીધપુર ગામના બ્રાહ્મણુની સ્ત્રીએ પોતાનો પાળેલો નોળ, જેણે તેની ગેરહાજરીમાં તેના નાના બાળકપર ધસી આવતા ભયંકર સાપને મારવાથી લોહીવાળું મોં કરેલો દેખી, તેને વગર વિચાર્યે પોતાના બાળકને એણે માર્યો હશે, એમ ધારી તેનો પ્રાણુ લીધો. પાછળથી સર્વ હકીકત જાણુવાથી પસ્તાઇને રડવા લાગી.

(જુઓ વાં–મા–પુ–૬ પાઠ ૨૧)

પાઠ. ૫ જૂઠ.

જૂઠા બોલા જનતણું, કદીન માને કોય;
નિજદુઃખ બોલે ભાંડપણુ, જન, મન જૂઠું હોય.

જૂઠું બોલવાથી આબરૂ ઘટે છે, તેમજ ભરોંસો પણુ કોઇ રાખતું નથી, અને તેથી તેનાં સઘળાં સંસારી કામો અટકી પડે છે. પછીથી પસ્તાઇને સાચું બોલવા માંડે છે, તોપણુ કોઇ તેનો ભરોંસો કરતુ નથી. જેથી ઘણો દુઃખી થાય છે, માટે મશ્કરીમાં પણુ જૂઠું બોલવું નહિં. જૂઠું બોલનાર માણુસ બેવડો ગુનોહ કરે છે. (એક માણુસનો, ને બીજો ઇશ્વરનો.) આથી જૂઠું બોલનારને

હમેશાં ફિકરમાંને ફિકરમાં રહેવું પડે છે, અને છેવટે પકડાયા સિવાય રહેતો નથી. માટે હમેશાં સાચું બોલવાનો નિયમ રાખવો. કારણકે સત્ય એ સઘળા સદ્‌ગુણનો સાથી છે. અને પરમેશ્વરને સત્યના જેવું બીજું કોઇ પણ વહાલું નથી.

દા. ૧—ઓચ્છવ અને મનસુખ બંને કનકવા જોવા અગાશી ઉપર ચઢયા. ત્યારે બારણું ખુલ્લું રહેવાથી બિલાડી ખાવાનું ખાઇ ગઇ. પછી નિચૈ ઉતર્યા, ત્યારે તેના બાપે ઓચ્છવને પૂછ્યું, તેણે ખરીવાત માની દીધી. ને મનસુખને પૂછ્યું ત્યારે તેણે ખરૂં ન માન્યું. જેથી બાપે ઓચ્છવનાં વખાણ કર્યાં. અને ત્યારથી તેનો પૂર્ણ ભરોંસો બેઠો. ને મનસુખને ઠપકો આપ્યો, ને ખૂબ ઠોક્યો.

જે માણસ એકવાર જૂઠો પડે છે, તેની સાચી વાત પણ મનાતી નથી.

(જુઓ વાં—મા—પુ—૬ પાઠ ૪૫)

પાઠ ૬ મરણનો ભય છે માટે પ્રભુને ભજો.

આ નાશવંત દેહનો જરાએ ભરોંસો નથી, માટે પરમેશ્વરને ખરા દીલથી ભજી સારાં કૃત્ય કરવાં. જેથી યમદૂતની ધાસ્તી રહે નહિ, ને સ્વર્ગમાં સારાં સુખ મળે સગાંવહાલાં, સ્નેહીનું સગપણ સ્વાર્થને માટેજ છે. ખરૂં સગપણ ઇશ્વરનુંજ છે. મુઆ કેડે હવે કોણ આપણને પાળશે, એમ ધારી સર્વ કોઇ રડે છે.

આ સંસારમાં તરવાનો ખરો ઇલાજ એછે કે પ્રભુનું ભજન કરવું, ને સારાં કામ કરવાં. જેથી જન્મમરણનો ફેરો મટી જશે, ને અભયપદ મળશે.

નઠારાં કામ કરી પ્રભુને જે માણસ ભજતો નથી, તે નર્કમાં જાય છે. માટે પ્રભુનું નિરંતર ભજન કરવું.

વળી ઇશ્વર સ્તવન કરવાને, અને માણુસ જાતના કામમાં આવવાને આ દેહ આપણુને મળેલો છે. તેનો બીજો કશો ઉપયોગ નથી. બીજા પ્રાણીનાં હાડકાં તથા ચર્મ પણ ખપનાં છે. પણ માણુસનું શરીર કશા ખપનું નથી. પ્રભુ ભજવાનેજ બનાવેલું છે.

(જુઓ વાં–મા–પુ–૬ પાઠ ૩૮)

પાઠ ૭ જુલમ (જૂઠાં બહાનાં).

ખોટાં બહાનાં કાઢીને પોતાના સ્વાર્થને માટે બીજાને નુકસાન કરવું, એ ઘણુંજ ખોટું અને મહાપાપ છે. આખરે આપણુને પ્રભુ ફાવી જવા દેતો નથી. આપણુને નુકસાન થવાથી જેવું દુઃખ થાય છે, તેવું દુઃખ બીજાને નુકસાન કરવાથી થાય છે. આપણું ભૂંડુ કરનારને પણ અપકારને બદલે ઉપકાર કરવો જોઇએ. જૂઠું બોલી નુકસાન કોઇને આપણે કરીએ, તો પહેલુંતો જૂઠું બોલ્યાનું પાપ ગણાય છે.—બીજું વિના કારણે હરકત કરવાથી પણ પાપ થાયછે. આવાં કામ કરનારપર પ્રભુ રાજી રહેતો નથી.

દા. ૧—એક લુચ્ચા વરૂએ પાણી પીતાં બિચારા ગરીબ ઘેટાને પાણી ડહોળી નાખ્યાનું ને ગાળો ભાંડયાનું બહાનું કાઢી વિના કારણે પ્રાણ લીધો.

(વાં–મા–પુ–૬ પાઠ ૪૩)

પાઠ ૮ ધનવાનના ધર્મ.

ધનવાનના ધર્મ. એટલે પૈસાદાર માણસે પાળવાના નિયમ

તેમણે પોતાના પૈસાનો સારો ઉપયોગ કરી દુઃખીને સુખ આપવું જોઇએ. એટલે જ્યાં પાણી ન મળતું હોય ત્યાં કૂવા, વાવ, તળાવ વગેરે બંધાવવાં, વિદ્યા ભણાવવા નિશાળો કાઢવી, દુઃખીઓનાં દુઃખ ટાળવાં, દવાખાનાં કાઢવાં, નિરાશ્રિત, અપંગ, આંધળા ને લુલા માટે સદાવ્રત બાંધવાં, ધર્મશાળાઓ બંધાવવી, દેશ હિતનાં દરેક કામમાં પોતાના પૈસાનો ખરો ઉપયોગ કરવો. તેમ ગરીબ લોકને ઉદ્યમે લગાડવા. એટલે મોટાં મોટાં કારખાનાં કાઢવાં. કે જેથી હજારો ગરીબ મજૂરીએ વળગે, ને હુન્નરથી દેશ આબાદ થાય. જેથી ગરીબ પછીથી ભીખારી રહેશેજ નહિ. ને જીંદગી પર્યંત સુખી થશે.

જે પૈસાદારે પોતાનો પૈસો માણસના ભલાને માટે વાપર્યો નથી, તેને ધિક્કાર છે. માટે મનુષ્યનું ભલું ઇચ્છી સત્કર્મ કરવાં.

દા. ૧—હાલના દુકાળમાં વિલાયતમાંથી અંગ્રેજ ગૃહસ્થોએ અહિના ભૂખે મરતા ગરીબોને પોતાના દેશમાંથી મદદ માટે અસંખ્ય ખાંડી ધઉં મોકલાવ્યા હતા.

(જુઓ—વાં—મા—પુ ૬ પાઠ. ૫)

પાઠ ૯ પરમેશ્વર છે.

પરમેશ્વરને કોઇ દેખતું નથી, પણ તેના કરેલા કામપરથી સર્વ જાણે છે કે તે છે. ઘર સરખું પણ માણસના બાંધ્યા સિવાય બંધાતું નથી, તો આખી દુનિઆનો બનાવનાર કોઇ મહોટો શક્તિવાન હોવો જોઇએ. સૂર્ય, ચંદ્ર, ઝાડ, પશુ, પાણી વિગેરે તેણે બ-

નાખ્યું છે. માટે આપણે જાણીએ છીએ કે પરમેશ્વર છે.

(જુઓ–વાં–મા–પુ–૬ પાઠ. ૫૭)

પાઠ ૧૦ ઇશ્વર પ્રાર્થના.

હે મહાન ઇશ્વર તું સર્વજ્ઞ છે. ચંદ્ર, સૂર્ય, ડુંગર, પૃથ્વી, માણસ, પશુ વગરેનો બનાવનારને રક્ષણ કરનાર તુંજ છે. તારા સમાન બીજો કોઇ બળવાન નથી. તું અમારૂં રાત દિવસ રક્ષણ કરેછે, ને પાલન પણ કરેછે. અમે પાપી અને નીચ કૃતઘ્ની માણસ તારા પવિત્ર રાજ્યમાં કેમ કરીને આવીશું, તે અમોને સુજતું પણ નથી. અમે આજથી તારી ભક્તિ કરવાનું નક્કી કરીએ છીએ. જેથી અમારાં પાપ તું માફ કર ને અમારાપર દયા કરી સન્માર્ગે દોરવ.

સર્વ પ્રભુ જાણે છે—અમારી છાનામાં છાની વાત પણ તું જાણે છે, અમારા પાપ પુણ્યનો હિસાબ તારી ન્યાયી કચેરીમાં રહે છે. જેના ઉપરથી મરણ કેડે સ્વર્ગ નર્કની શિક્ષા થાય છે. માટે અમારે તારાથી ડરી સારાં કામ કરી ભક્તિ કરવી જોઇએ.

જે પાપી માણસ તારાથી બીલકુલ ન ડરતાં નઠારાં કામ કરે છે, તે નર્કવાસી થાય છે.

(જુઓ વાં. મા. પુ. ૬ પાઠ. ૫૮)

પાઠ ૧૧. મૂર્ખ રાજા.

ભણેલા માણસો જ્ઞાન મેળવી હુન્નર કળામાં વધારો કરે છે, ને ડાહ્યા સમજુ ને સદ્‌ગુણી નીવડે છે. ન્યાય નિષ્પક્ષપાતે કરે છે. પ્રભુને ઓળખે છે, ને અનેક પ્રકારના વૈભવ ભોગવે છે. તેમના આ લોક ને પરલોક બંને સુધરે છે. માટે વિદ્યા ભણો.!

વગર ભણેલા માણસો અન્યાય કરે છે, સારા ખોટાનો વિચાર કરતા નથી, જેથી મૂર્ખ, વહેમી, ને જડ બુદ્ધિના રહે છે. પ્રભુને પણ ઓળખતા નથી, કુટાઇ મરે છે, ને આખરે નર્કવાસી થાય છે.

દા. ૧—એક અંધેરી નગરીમાં ગંડુ રાજા રાજ્ય કરતો હતો. ત્યાં સર્વ એક ભાવે વેચાતું હતું. એક વખતે ચોર ખાતર પાડતાં ભીંત નીચે કચરાયા, ત્યારે તેની માએ ફરીઆદ કરવાથી ઘરના માલીકને, ચણનારને, ગારો કરનારને, તથા પખાલીને અનુક્રમે ગુનેહગાર ઠેરવી, આખરે એક નિર્દોષી રસ્તે જનાર મુલ્લાંને સજા ઠેરવી. તે શરીરે પાતળો હોવાથી એક બાવો જે લોટને સાટે સુખડી લાવી ખાઇને મસ્તાન થયો હતો, તેને પકડી આણ્યો પણ તેના શાણા ગુરૂએ આવીને રાજાને કહ્યું કે આ વખતે જે માણસ સુળીએ ચઢે તેને વિમાન મળશે. એમ કહી ઠાલી ગુરૂ ચેલો બંને જણા ચઢવાની ખેંચતાણ કરવા લાગ્યા. ત્યારે મૂર્ખ રાજા છેતરાઇને વિમાનની આશાએ પંડે શૂળીએ ચઢ્યો. ને ચેલાને ઉગારી ગુરૂ ચેલો ચાલતા થયા.

(જુઓ. વાં. મા. પુ. ૬. પાઠ ૬૫.)

પાઠ ૧૨ પરચુરણ નીતિ.

વિદ્યા અને લક્ષ્મીનો મુકાબલો—વિદ્યા આગળ લક્ષ્મી એ હાથ જોડીને ઉભી રહેછે, ને શરમાઇને ગરીબાઇથી દાસીની પેઠે વિદ્યાના પગ ચાંપેછે, એટલે વિદ્યા ભણવાથી ધન મળે છે. વિદ્વાન માણસ ભૂખે મરતો નથી. માટે વિદ્યા આગળ લક્ષ્મી કશા હિસાબમાં નથી, એમ કહીએતો પણ ચાલે ધન હોય પણ વિદ્યા ન હોય

તો તે માણસને પશુ કરતાં પણ ભૂંડા સમજવા.

વિદ્યાથી માણસપણું પમાય છે. વિદ્યામાં કોઇ ભાગ લેઇ શકતું નથી. પણ લક્ષ્મીમાંનો ભાગ પડાવે છે. લક્ષ્મી ચોરાય છે, લૂંટાય છે, પણ વિદ્યા ચોરાતી નથી. લક્ષ્મી વાપરવાથી ઘટે છે, પણ વિદ્યાનો ઉપયોગ કરવાથી વધે છે. માટે વિદ્યા સર્વ કરતાં શ્રેષ્ઠ જાણવી.

સાહસ—સારા નરસાનો વિચાર કરીને કામ કરનારને ડાહ્યા માણસ જાણવા. જે કોઇથી છેતરાતા નથી, તેમને શોકનો વખત ભાગ્યેજ આવે છે.

વગર વિચાર્યું કામ કરવાથી પસ્તાવું પડે છે, ભારે નુકસાન થાય છે, આબરૂ જાય છે, ને સુખે સુવાતું નથી. એવાં કામથી ઓચીંતાં દુઃખ આવી પડે છે. માટે એવાં કામ કરનાર પંડીત હોય તોપણ તેને પથ્થર સમજવા.

મળતા ગુણ—પંડીતને પંડિત, સાધુને સાધુ, પવિત્રને પવિત્ર, વ્યસનીને વ્યસની, મૂર્ખને મૂર્ખ, દુરાચરણીને દુરાચરણી, મળવાથી ઘણા ખુશી થાય છે. ને એક બીજા સાથે બનતું આવે છે. માટે એક એકને મળતા ગુણના જગતમાં મળી જાય છે.

આપણે સારા ગુણના હોઇએ તો સારા માણસોમાં માન મળે છે, ને લોક ચાહે છે. પણ નઠારા ગુણના હોઇએ તો લોક ધિક્કારે છે. ને સારા માણસો સોબત કરતા નથી.

બીકણ કોણ?—વાંકી પાઘડી મૂકી, ઝળકતી ઢાલ બાંધી, તરવાર લઇને સૌથી પહેલો દોડે, સૌથી પહેલો પાછો વળે, પોતાનાં વખાણ પોતે કરે, ઊગમણી બૂમ પડે ત્યારે આથમણો વહાર કરવા દોડે. ને ઘા પડવા માંડે ત્યારે નાશી જાય છે, તેને બીકણ કહેવો.

દેશનું રક્ષણ કરવા બીક ન રાખતાં શુરાતનથી પોતાની જીંદગાનીનો ભોગ આપી સ્વદેશ સેવા બજાવવી. રણ ભૂમીમાં મૃત્યુ પામનારને સ્વર્ગ મળે છે.

જીવતાને સૌ મળે છે.—(એટલે ધૈર્યવાન સર્વ મેળવે છે.) ગરીબ પણ જીવતો હોય તો પૈસાદાર થાય, દુ:ખીનાં દુ:ખ પણ જીવતો હોય તો ટળે, વાંઝીઆને પણ જીવતો હોય તો પુત્ર મળે, વળી રહેવાને ઘર ન હોય તો તે પણ મળે, એ સર્વ જીવતાને મળે છે કુંવારાને કોઇ દિવસ સ્ત્રી પણ મળે છે, પણ મુઆ પછી કાંઇ મળતું નથી માટે અસંખ્ય દુ:ખ વખતે પણ હિંમત રાખી સહન કરવું. પણ આપઘાત કરવો નહિ.

દા. ૧—સત્યવાદી રાજા હરિચંદ્ર.

(જુઓ—વાં—મા—પુ—૬—પાઠ. ૭૮)

પાઠ. ૧૩ જૂઠું બોલી ચોરી કરવા વિષે.

જૂઠું એ ચોરી કરવાનું પણ શીખવે છે. તેમજ હરેક ભૂંડાં કામ પણ કરાવે છે. જૂઠા માણસને લોક નિંદે છે, ભરોંસો રાખતા નથી. શિક્ષા પણ થાય છે, આખરે બુરી મરવાનો એટલે પસ્તાવાનો વખત આવે છે.

સાચું બોલનારમાં સર્વ ગુણ સારા હોય છે. ને તે બધે સનમાન પામે છે.

દા. ૧—અંબુ નામે છોકરો પોતાના કેટલાક સાથી જોડે ચણીબોર ખાવા ગયો. ત્યાં દયાળ પટેલના ખેતરમાં છીંડું પાડી કેટલાક અનાજના છોડ ભાગ્યા દયાળ પટેલ આવ્યા ત્યારે તેના સાથી નાશી

ગયા. પણ કમનશીબે તેનું બદન બોરડીમાં ભરાવાથી આંખુ પકડાયો. કરેલી ચોરી જુઠું બોલી ન માનવાથી, તેણે તેને ખુબ ઠોક્યો.

તાત્પર્ય—જૂઠું બોલી ચોરી કરવાથી આબરૂ હુએ છે, ને શિક્ષા થાય છે. કોઇ ભરોંસો રાખતું નથી. માટે જૂઠું બોલવું નહિ. તેમજ ચોરી કરવી નહિ.

(જુઓ—વાં—મા—પુ—૬ પાઠ ૮૧ થી ૮૩)

પાઠ ૧૪ પડેલી ટેવ ટાળવા વિષે.

પડેલી ટેવ એકદમ ટળતી નથી, પણ ભલા મુરીબ્બને સારી સંગતથી કળાએ કળાએ તજાય છે. પણ ઘણું કરીને નાનપણમાંજ તજાય છે. મોટપણમાં તજાતી નથી. બાળપણ રૂપી કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળે છે. પછીથી મોટપણ રૂપી મોટું ઝાડ વળતું નથી. ખોટી ટેવવાળાને નુકસાન ખમવાં પડે છે. એટલુંજ નહિ પણ લોકમાં બેઆબરૂ ગણે છે. ભૂંડી ટેવથી ભૂંડી ચાલ પણ આવે છે. ને પછી ભૂંડાં કામ કરતાં પણ શીખે છે. આ ટેવ છુપી રહેતી નથી.

સારી ટેવથી સારી ચાલ થાય છે, ને સારાં કામ કરે છે. જેથી લોકોમાં સારાં વખાણ થાય છે, સુખ પામે છે, ને ઇશ્વર રાજી રહે છે.

દા. ૧ કુતરાની પૂછડી સીધી કરીને સારી રીતે પથ્થર સાથે સજડ થોડી વખત સુધી બાંધી મુકી છોડી દઇએતો વાંક વાળીજ રહેછે.

દા. ૨—કોયલાને દુધજેવા ધોળા પદાર્થમાં ધોઇએ, પણ તેતો કાળાને કાળાજ.

તાત્પર્ય—ભૂંડી ટેવ તજી સારી ટેવ રાખવાથી સારી ચાલના ચલીએ છીએ. આપણા હાથે સારાં કામ થાય છે. જેથી જશ મળે છે.
(જુઓ વાં–મા–પુ–૬ પાઠ ૮૫).

પાઠ ૧૫ વિદ્યા વધારો.

"વિદ્યારૂપી ધનતણું, અતિ આશ્ચર્ય જણાય;
ખરચ્યા વિણ ખૂટી પડે વધે જેમ વપરાય."

વિદ્યાનો વધારો થવાથી હુન્નરકળાને દેશની દોલત વધે છે. ને લોક સુખી થાય છે. નઠારા ચાલ નીકળી જાય છે, વહેમ, મૂર્ખતા, ને અજ્ઞાનપણું જતું રહી સારૂં જ્ઞાન મળે છે. ધનનો ભંડાર વાપરવાથી ખાલી થાય છે. પણ વિદ્યારૂપીધન ખૂટતું નથી, પણ વાપરવાથી વધે છે.

વિદ્વાન માણસ સુખદુઃખમાં સમાધાનથી રહી શકે છે. ને અભણ માણસ ઘણો મુઝાય છે, ને બહાવરો બને છે. વિદ્વાન માણસ સુનીતિને હુન્નરમાં પ્રવીણ થાય છે ને શાણપણ સીખે છે. સારા કામ કરે છે. જેથી તેની કીર્તિ ફેલાય છે. ધર્મજ્ઞાન પણ તેને હોય છે. જેથી પ્રભુને ઓળખવાથી સ્વર્ગનો વાસ મળે છે.

વિદ્યાનો વધારો ન થવાથી દેશ પાયમાલ થાય છે, ને લોક ગરીબ થઇ જાય છે. હુન્નરકળાની પડતી થાય છે, મૂર્ખતા વધે છે, તેમજ જાત જાતના જૂઠા વહેમને નઠારા ધારા પ્રવર્તે છે. પ્રજા બળહિન થાય છે, ને પરાધિનતા ભોગવવી પડે છે.

દા. ૧ હિંદુસ્તાનની અંધાધુંધીના સમય વખતે વિદ્યાનું સાધન પડી ભાગવાથી દેશની પડતી થઇ હતી. પણ વિદ્યા કળાગાં

પ્રવીણ ને ચતુર અંગ્રેજો આપણા રાજ્ય કરતા છે. તેમની કૃપા દૃષ્ટિથી અહિં વિદ્યા વધવા લાગી છે. વિજળીક તારો, વરાળ યંત્રોના આજાયબી પમાડે તેવા હુનરોથી થોડા ઘણા જાણીતા આપણે થવા લાગ્યા છીએ, તે વિદ્યા વડેજ.

(જુઓ—વાં—મા—પુ—૬—પાઠ ૯૨).

પાઠ. ૧૬ તપાસ કરવાની ટેવ રાખવી.

તપાસીને જોવાની ટેવ રાખવી. જેથી અત્યંત ફાયદો થાયછે. વગર વિચારે તપાસ કર્યા સિવાય જે કંઇ કામ કરીએ છીએ, તેમાં પસ્તાવું પડે છે, માટે તપાસીનેજ કામ કરવું. તેમજ જે તે વિષે તપાસ કરવાની ટેવ રાખવી.

દા. ૧ એક ફકીરે વાણીઆનું જવાહીર આ ટેવથી ખોળી આપ્યું હતું.

(જુઓ—વાં—મા—૬—પાઠ ૪૨—૪૩.

દા. ૨ તપાસ્યા સિવાય જોવાથી એક સ્વદેશ ભક્તના પાળીઆની ઢાલના રૂપાના ને સોનાના પાસા માટે બે સ્વાર લડી મુઆ હતા. લોકોએ સમાધાન કરી, બંનેને લડતા વાર્યાં. ને કહ્યું કે એ તમારી બંનેની ભૂલ છે. કારણ કે તમે બંનેએ તપાસ્યા સિવાય વિખવાદ કર્યો. માટે હવેથી તપાસીને જોવાની ટેવ રાખવી.

(જુઓ—વાં—મા—પુ—૬ પાઠ ૯૮).

પાઠ. ૧૭ પતિવ્રતાનાં પ્રેમ.

પતિવ્રતા સ્ત્રીઓ પોતાના ધણીના પ્યારની ખાતર જીવ પણ આપવા તૈયાર થાય છે. સતી સ્ત્રીઓ સારાં કામથી દુનિયામાં સુખ

ભોગવી પર દુનિયામાં પણ સુખ ભોગવે છે. નઠારી સ્ત્રીઓ ધણી સાથે કપટ ભાવથી વર્તી કંકાસ કરે છે. તેમ આખરે નર્કવાસી થાય છે. દુનીઆમાં અપજશ મેળવે છે, જેને મુઆ પછી યમ રાજાનાં ભયંકર દુઃખો ભોગવવાં પડે છે.

દા. ૧ દમયંતી રાણીએ પોતાના ધણી નળ રાજાની ખોળમાં જંગલે જંગલ, ને ડુંગરે ડુંગરમાં ફરી ઘણી વિપત્તિ વેઠી છે. એ વાત આ પાઠમાં અસરકારક રીતે કવિએ દર્શાવેલી છે.

(જુઓ—વાં—મા—પુ—૬ પાઠ ૧૦૪ થી ૧૦૫).

પાઠ. ૧૮ ન્યાય.

દોહરો.

"ન્યાયી નર જે નીવડે, જગમાં તે પંકાય;
આબરૂ માન મળે અતિ, બેસી જહાં સભાય.
ન્યાય વિનાનો માનવી, જાણો મૂઢ સમાન;
ન્યાય નીતિ માટે તમે, કરજો સંપાદાન."

'કેટલાક માણસો ન્યાય કરતાં વગ ચલાવે છે. જેથી પ્રભુ રાજી રહેતો નથી, ને લોકમાં નિંદા થાય છે. આખરે ન્યાયાસનપર તેને રાખવામાં આવતો નથી, પક્ષપાત કરનાર પાપી ને કપટી હોય છે. આ લોકમાં ને પરલોકમાં અત્યંત દુઃખ ભોગવે છે.

ન્યાયી માણસ પોતાના કટ્ટા દુશ્મનને, અને પોતાના પ્યારા મીત્રને સરખો ન્યાય આપે છે તેની લોકમાં આબરૂ વધે છે ને સ્વર્ગવાસી થાય છે. માટે નિષ્પક્ષપાતે સર્વનો ન્યાય કરવો જોઇએ.

દા. ૧ વાશીંગ્ટન જેવા રાજ્યના સર્વોપરી અધિકારીના હાથ નીચે એક મોટા પગારની જગો ખાલી પડી, ત્યારે લોકોએ ધાર્યું કે એ જગા પોતાના એક દીલોજાન મીત્ર જે સુખ દુઃખનો સાથી હતો, તેને આપશે. પણ તેમાં જોઇએ તેવી યોગ્યતા નહોવાથી, આ દક્ષ ઇનસાફી એક પોતાના પ્રતિસ્પર્ધી ઉમેદવાર રાજ્ય પ્રકરણી કામ કાજમાં હુશીઆર હતો તેને આપી.

(વાં-મા-પુ-૬ પા-૧૧૦).

દા. ૨ ઇંગ્લાંડમાં એક ન્યાયાધીશે પોતાના પાદશાહના પુત્રનો ગીત્ર. કે જેને માટે રાજકુંવરે ભલામણ કરી હતી, છતાં સજા ઠેરવી ને આખરે રાજકુંવરે હાથ ઉઠાવ્યો ત્યારે તેને પણ સજા કરી હતી. પોતાના પાદશાહના પુત્રનો પણ જેણે વગર ધારતીએ ન્યાય કર્યો તેને ધન્ય છે.

(જુઓ-વાં-મા-પુ-૫ પાઠ-૧૧૦).

પાઠ ૧૯. રાજ્ય કર્તાઓથી દેશને લાભ, ગેરલાભ.

રાજા વિદ્વાન, રાજ્યનીતિને ન્યાયમાં કુશળ, શૂરો ને હુન્નર કળામાં હુશીઆર હોય તો તેથી દેશની દોલત, કળાને આબાદીમાં વધારો થાય છે. લોક કુશળને મહેનતુ થાય છે, ને જુલમનાં દુઃખો જતાં રહે છે. ન્યાય સરખો મળે છે.

રાજા અભણ, અજ્ઞાન, આળસુ, ને જંગલી હોય તો દેશમાં લૂટફાટ થાય છે, લોક ઠરી ઠામ બેસતા નથી, હુન્નરો પડી ભાગે છે, વિદ્યાનું જોર ઓછું થાય છે ને દેશપાયમાલ થઇ ઉજ્જડ થાય છે.

દા. ૧—મહારાણી શ્રીના રાજ્યથી ચોરી, ધાડ, લૂંટ ને

જુલમી દુઃખો જતાં રહ્યાં છે. કળા હુન્નરમાં વધારો થતો જાય છે, ને પ્રજા સુખી દીવસો નિર્ગમન કરે છે.

(જુઓ વાં. મા. પુ. ૬ પાઠ ૧૧૬)

પાઠ ૨૦ અવગુણ ઉપર ગુણ.

"અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ.
જ્યો સુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ.

ગુણ કરનારને તો ગુણ કરવોજ જોઇએ. એ દેખીતી ફરજ છે પણ અવગુણ કરનારને ગુણ કરવો, એજ જન્મનું સાર્થક છે. ને તેમ કરવાથી શત્રુ પણ વશ થઇ જાય છે. આપણા કરેલા ગુણથી અવગુણ કરનાર પસ્તાશે, ને ફરીથી એમ કરશે નહીં. માટે નુકસાન કરનારને માફી આપી ગુણ કરવો.

અવગુણીઆ માણસને સર્વ કોઇ ધિકારે છે.

દા. ૧—ઇટાલીના બે માણસ વચ્ચે ભારે દુશ્મનાવટ બંધાઇ. તેથી તેમાંના એક જોરાવરે બીજા બિચારા ગરીબની આંખો ફોડી નાંખી. આથી ગરીબ આંધળો એક ધર્માધ્યક્ષના મઠમાં જઇ રહ્યો. થોડી મુદત પછી ઇશ્વરે તેના દુશ્મનને અવગુણનો બદલો આપી ભારે મંદવાડમાં નાંખ્યો. ભયંકર રોગ થવાથી તે પણ તેજ મઠમાં ગયો. ત્યાં તેના અંધ શત્રુએ બરદાસ ઉઠાવવા માંડી, પણ તેને ધાસ્તી લાગી કે મેં તેની આંખો ફોડી છે, માટે તે મને મારી નાંખશે. પણ ગરીબ અંધ માણસે સાજો થતા સુધી તેની સારી બરદાસ ઉઠાવી, અવગુણ ઉપર ગુણ કર્યો.

(જુઓ વાં—મા—૬ પાઠ ૧૧૭)

પાઠ ૨૧ મનને ઉપદેશ.

માણસનું મન આ મોહરૂપી સંસારની જાળમાં આમતેમ ભમતું રહે છે. આખરે પાપરૂપી પાશમાં પડી ફસાય છે. પ્રભુને આ દુનીઆમાં ન ઓળખવાથી નઠારાં કર્મો કરી મૂઆ પછી યમદુતનો અત્યંત માર ખમી નર્કમાં જવું પડે છે. પાછો આ ભવમાં આવે છે, ત્યારે ગએલી સન્ન ભુલી જઇ ભૂડાં કૃત્યો કરે છે. ને પ્રભુથી ડરતો નથી. પણ સંત માણસની સેવા કરવાથી ભક્તિ માર્ગ સૂઝી પ્રભુનું ભાન આવે છે, ત્યારે સારાં કર્મો કરી મોક્ષ પામે છે.

ઇશ્વર ભજન કરી સત્કર્મો કરવાથી આ સંસારરૂપી દીરીઓ તરીને પાર ઉતરી બીજા જન્મનો ફેરો ટળે છે. માટે પ્રભુ ભજન કરી સત્કર્મો કરવાં.

(જુઓ. વાં–મા–પુ–૬ પાઠ ૧૨૪.)

પાઠ ૨૨ આપવડાઇ.

વિદ્યા ભણી પતરાજીખોરને છાલકા થઇ પોતાની મેળે મોટાઇ મેળવવાનો પ્રયત્ન કરવો નહિ. આમ કરવાથી અધુરાપણું માલૂમ પડે છે. મોટાઇ માગી આવતી નથી પણ સારાં કામ કરવાથી આવે છે. વડાઇ મેળવવાનો ખરો ઇલાજ એ છે કે સદ્દવિદ્યા ભણી સારાં કામ કરવાં. વડાઇ મેળવવાને મહા મહેનત પડે છે, પણ બુરાઇ મેળવવાને વાર લાગતી નથી.

દા. ૧ ઘર બાંધતાં પૈસા ખર્ચી ઘણાક દિવસ કારીગરે કામે લગાડવા પડે છે. પણ તોડી પાડતાં વાર લાગતી નથી.

(જુઓ વાં–મા–પુ–૬ પાઠ ૧૩૮).

પાઠ ૨૩ નર્મ કવિતા.

આ મોહરૂપી સંસારમાં માણસની દેહ ક્ષણભંગુર છે. જેમાં માણસ ઠગાય છે. ને અનાડી માણસ પાપ કરે છે આ દુનિયામાં પ્રભુ પ્રાર્થના સિવાય કોઇપણ સાચી વસ્તુ નથી. સર્વ મીથ્યા છે. માટે હે મૂર્ખ માણસ સત્સંગ કરીને ખરા પ્રેમથી સત્કર્મો આદરી પ્રભુ પ્રાર્થના કર જેથી જન્મ મરણનો ફેરો ટળે ને સ્વર્ગનાં સરસ સુખો મળે.

માણસનું માપ—દોલતની મોટાઇ રાખીને જે મોટી મોટી બડાઇઓ હાંકે છે, તેમને પણ અત્યંત દુઃખ હોય છે. મોટો ધનવાન હોય પણ જેનું મન મોટું નથી, તેને નીચ સમજવો. આપણે પારકું માપ કરીએ છીએ, પણ આપણું મન તે આપણું માપ કરી આપે છે. એટલે ખરાબ સ્વભાવનો હોયતો લોક ખરાબ કહે છે. ને નિંદે છે. ને સારા મનનો હોયતો લોક સારો કહે છે ને જશ ગવાય છે.

(જુઓ વાં—મા—પુ—૬ પાઠ ૧૩૪).

પાઠ ૨૪ ઉડાઉપણું તથા દાનની યોગ્યતા.

"દાન દીનને દેવુંજે, બનેન બીખનો ભોગજી;
ઔષધ તેને આપીએ, જેને અંગે રોગ."

ઉડાઉપણે વગર વિચારે ખર્ચ કરી નાતવરા કરી આબરૂ મેળવવાથી પોતાનાં ગુજરાનના સાધનો વેચી દેવું કરવું પડે છે. ને આખરે ભૂખે મરી ભીખ માગવાનો વારો આવે છે. માટે ખર્ચ વિચારીને કરવો જોઇએ.

ગજા પ્રમાણે ખર્ચ કરવાથી દેવું થતું નથી, ને તંગીમાં હાથ

આવતો નથી. પોતાનાં બાળ બચ્ચાંને દુઃખરૂપી દેવાનો વારસો મળવાને બદલે, સુખરૂપી સારાં નાણાં મળે છે. ને સારી રીતે ધંધો ચલાવે છે.

ગરીબ, અપંગ, આંધળા, નિરાશ્રિત અને નબળા માણસોનેજ દાન કરવું જોઈએ શક્તિમાન પુરૂષોને દાન કરવાથી આળસુ થઇ જાય છે. જેઓ ફક્ત ભીખપર આધાર રાખે છે. તેમનાથી દેશના ધંધા રોજગારની પડતી હાલત થાય છે. માટે યોગ્યતા જોઇ દાન કરવું. કેમકે દાનની યોગ્યતા જોવાનું દરેકના શાસ્ત્રમાં હોય છે.

દા. ૧ આશાપુર નામે ગામમાં એક તાલુકદાર રહેતો હતો. તે ગરીબ લોકોને ઊદ્યોગે બઝાડી પોષણ કરતો હતો. આથી સર્વ ગામ સુખી થયું હતું. તેના મરણ કેડે છોકરો ન હોવાથી તે ગામ તેના ભીત્રાઇના હાથમાં આવ્યું. આ માણસે નાતવરા કરી વગર વિચારથી ખર્ચ કરી મોજમઝા માણવા માંડી. ગામના સર્વ ગરીબ માણસોને મફ્ત ખાવાનું આપી આળસુ કરી નાંખ્યા છોકરાનાં લગ્ન વેળાએ નકામાં ખર્ચ કરી, ઉડાઉ થઇ આખરે દેવાળું કાઢી દુઃખી દીવસો ગાળી મરણ પામ્યો તેના પછી તેના છોકરાએ દયા ભાવથી લોકનું પાલન કરી નિર્ધન રાખ્યા. ને ખર્ચાળ થઇ ગયો. તેના પછીના તાલુકદારે અપંગ, અશક્ત, અંધ ઇત્યાદીને રહેવા માટે ધર્મશાળાઓ, ને સદાવ્રત બાંધ્યાં, ને વિદ્યા ભણવા નિશાળો, તથા દવાખાનાં ને ગરીબ લોકોને ધંધે વળગાડવા કારખાનાં કાઢ્યાં. આથી ગામ આબાદ થયું, ને લોક ઉદ્યગીને મહેનતુ થયા. મૂર્ખ લોકો વખોડવા લાગ્યા ને વિદ્વાન લોકો જશ ગાવા લાગ્યા.

(જુઓ વાં—મા—પુ—૬ પાઠ ૧૪૯ થી ૧૫૪).

પાઠ ૨૫ સુખી થવાનો માર્ગ.

સુખી થવાનો માર્ગ સદ્‌ગુણી સ્નેહ છે. સારા મિત્ર કરવાથી સારા ગુણ પ્રાપ્ત થાય છે. ને ઘણો ફાયદો થાય છે. નઠારા મિત્રો મળવાથી નઠારા ગુણ મળે છે, ને નુકસાન થાય છે. જ્યારે સારા માણસો આપણો સ્નેહ રાખતા નથી, ત્યારે આપણે જાણવું જોઇએ કે કેટલાક આપણામાં દુર્ગુણ ભરેલા છે. જો આપણે સદ્‌ગુણી હોઇશું તો સર્વ માણસો આપણને ચહાશે, ને મિત્રતા બાંધશે. જો આપણે આપસ્વાર્થ અને અવગુણ તજી દઇ, મિત્રને ખરા મનથી ચાહી, ભલુ કરીશુ, તો સામો મિત્ર તેથી વધારે આપણું ભલું કરશેજ સારા મિત્રોની સંખ્યા વધારવાનો ઇલાજ એજ છે કે સર્વનું ભલું કરવું.

દા. ૧ એક છોકરો ઠેસ વાગવાથી પડી ગયો, તેને તમે ફુહાડી આસના વાસના કરી બરડો ચોળશો તો તે તમારા ઉપર હેત કર્યા સિવાય રહેશેજ નહિ.

માટે સુખી થવાનો ઇલાજ સારા મિત્રોની દોસ્તી બાંધી સર્વનુ ભલુ કરવું. જેથી મિત્રોની સંખ્યા વધે છે. ને દુઃખના સમયમાં સારી સહાયતા મળે છે.

(જુઓ વાં–માં–પુ–૬ પાઠ ૧૫૮).

પાઠ ૨૬ હિત શિક્ષા.

જે સારી શિખામણો પ્રમાણે ચાલતો નથી, તે ઘણાક ખતા ખાય છે, દુઃખ વેઠવું પડે છે, ને પસ્તાય છે, માટે સારી શિખામણ ધ્યાનમાં લેવી. સારી શિખામણ મુજબ ચાલવાથી સુખ મળે છે, ને પસ્તાવાનો વખત આવતો નથી નીચેની શિખામણો ધ્યાનમા લેવા જોગ છે—

૧. ગુણકા સાથે વેપાર ને નીચની સાથે દોસ્તી કરવી નહિ. ૨. આળ ચઢાવી કોઇને ગાળ દેવી નહીં. ને બળીઆ સાથે વઢવું નહિ. ૩ કુટુંબમાં કંકાસ કરવો નહિ. ને અજાણ્યા સાથે પરગામ જવું નહિ. ૪ ઝાડ તળે વાસ કરવો નહિ, ને ગાડી, ઘોડા, હાથી ને નઠારા માણસથી વેગળા રહેવું. ૫ રમતમાં રીસ ચઢાવવી નહીં, બીક લાગે તે રસ્તે જવું નહીં. ૬ છાની વાત થતી હોય ત્યાં ઉભા ન રહેવું, ને વાત પણ હુંકારાથી કરવી. ૭ વગર પ્રસંગે જાગવું નહિ, ને પૈસાનો અહંકાર કરવો નહિ. ૮ નમતાને નમવું, ને મૂર્ખ, જોગી, રાજા, ને પંડીતની મશ્કરી કરવી નહિ. ૯ હાથી, વાઘ, સર્પ, લઢતા હોય ત્યાં ઉભા રહેવું નહીં, ને કુવા કાંઠે કોઇની મશ્કરી કરી ધકમ ધક્કા કરવી નહીં. ૧૦ દેવું કરીને નાત કરવી નહિ, જુગટું રમવું નહિ. ૧૧ જાણતાં આળસ કરવી નહિ, લખતાં વાત કરવી નહિ. ૧૨ પારકાને બદલે પરદેશમાં આપણું નામ ચલાવવું નહિ. ૧૩ દેવું કરવું નહિ, દુઃખી ઠેકાણામાંથી પરદેશ રહેવા જવું, માતા, પીતા, ગુરૂની સેવા કરવી. ૧૪ પ્રભુ ઉપાસના કરી સારાં કામ કરવાં. ને સારા હુન્નરો ખોળી કાઢી દેશ સુગી કરવો. દેશની ચાકરી ઉઠાવવી.

(જુઓ–વાં–પુ–૬ પાઠ ૧૫૯).

પાઠ ૨૭ ઉદારતા.

દોહરો.

" ઉદારતાથી ઉદારજન, પુરૂં થશે પ્રખ્યાત,
કંજુસને, ધિક્કારશે દુનિયા દિન ને રાત.

ઉદારતા એટલે સખાવત કરવાથી માણુસો સુખ પામે છે, પ્રભુ રાજી રહે છે, ને મર્યું કેડે પરલોકમાં સારાં ફળ મળે છે. કેટલાક માણસો "ચમડી જાય પણ દમડી ન જાય" એમ ધારી અશક્ત માણસને દાન, ધર્મ કરતા નથી, તેમનો જન્મારો વ્યર્થ છે. વળી કેટલાક આબરૂ મેળવવા માટે દાન કરે છે, તેપણ ઠીક નથી. કેટલાક લોકના ટોકવાથી દાન કરે છે તે પણ વ્યર્થ જાણવું.

આપણે દુનીઆમાં ઉંચ, નીચ, પૈસાદાર, ગરીબ, છીએ, પણ પ્રભુને ત્યાં સર્વ સરખા છે. દાનકરવાથી આળસનો વધારો થતો હોય તો કોઇ અશક્ત ને અપંગને દાન કરવું. નહિતો દાન વ્યર્થ જાય છે. ઉદારતા એજ કે પારકું દુઃખ ભાગવું અજ્ઞાનતા ટાળી વિદ્યા વૃદ્ધિ કરવી, ધર્મને રસ્તે દોરવવા, ધંધે લગાડવા, દરિદ્રીઓની દરિદ્રતા ટાળવી, ને દેશકલ્યાણને માટે મનુષ્યનું હિત ઇચ્છી પોતાથી બનતી પૈસાની મદદ કરવી.

(જુઓ—વાં—મા પુ. ૬ પાઠ—૧૬૨—૬૩).

પાઠ ૨૮ હુંશીઆરી.

હુશીઆર છોકરો સારાં કામ કરે એમ ન ધારવું કારણ કે એકલી હુશીઆરી વાળો જેવાં કામ કરે, તેના કરતાં થોડા સદ્‌ગુણ વાળો સારાં કામ કરે છે. પરમેશ્વરપર પ્રીતિ રાખી તેનાથી ડરે છે. માબાપ, ગુરૂ, ને વડીલની સેવા કરવામાં રકી કરે છે. જે સાચો, પ્રમાણીક, માયાળુ ને દયાળુ હોય તેનેજ હુશીઆર જાણવો, નહિતો સર્વ હુશીઆરી કશા કામમાં આવતી નથી. ને હુશીઆરીને માથે ધૂળ પડે છે. ૨ મધ્યમ બુદ્ધિનો છોકરો સદ્‌ગુણી, ઉદ્યોગી ને ધી-

રજવાન હોય ને ઉપરના ગુણ હોય, તો ખબરદારી કામની છે. માટે હુશીઆરીની સાથે સર્વ સારાગુણ સંપાદન કરી સારી રીતે વર્તી ઇશ્વરપર આકીન રાખી સત્કર્મ કરવાં.

(જુઓ વાં-મા-પુ-૬ પાઠ ૧૬૬).

પાઠ ૨૯ જીભને શીખામણ.

હે જીભ તું નકામું બોલવા, નિંદા કરવા, ને સ્વાદીષ્ટ ભોજન જમવા તત્પર રહે છે. મરણ વખતે સઘળું અહીંજ રહેવાનું છે. સંગાથે કાંઇપણ આવનાર નથી. ઢોંગી લોકો સ્વર્ગમાં પહોંચવા મરતી વખતે તુળસીનાં પાન મોંમાં મૂકાવી રામનામ બાજે છે, પણ તેતો ઘર લાગતી વખતે ઓલવવાને કુવો ખોદીએ એવું છે. માટે સર્વ ફાંફાં વ્યર્થ નીવડે છે. ને પાપી જીવને નર્કગમન કરવું પડે છે માટે હરરોજ હરીભજન કરી સારાં સારાં કામ કરવાં. કે જેથી મરણ ગછી ભય રહે નહિ. ને સ્વર્ગનાં સુખ પ્રાપ્ત થાય.

(જુઓ-વા-મા-પુ-૬ પાઠ ૧૭૪).

ભાગ ૨ જો.

પાઠ ૧ કાયદાનો ઉપયોગ.

માણસ જાતને એક બીજાને હરકત ન થાય, માટે કાયદાની જરૂર છે. તેમાં સારા કાયદાથી દેશનો સુધારો થાય છે. ને ઉદ્યોગ ને દોલત વધે છે. જેથી લોક સુખી થઇ પ્રજાની આબાદી વૃદ્ધિ પામે છે. અન્યાય થતો નથી, ચોર, લુંટારા ફાવી જતા નથી. બકરી ને વાઘ એકજ આરે પાણી પીએ છે.

નઠારા કાયદાથી દેશની પડતી થાય છે. નિર્ધન અવસ્થા આવે છે, કુધોગ પડી જાગે છે, ચોર, લુંટારાને ધાડ પાડુ ફાવી જાયછે. જેથી લોકો મહેનત કરવાની તેમની બીકે મૂકી દઇ આળસુ થઇ જાય છે. ને દેશ જંગલી અવસ્થામાં આવી પડે છે.

માટે સારા કાયદા ને સારા ધારા કરવા જોઇએ. અને વખતો વખત તેની સંભાળ રાખવી જોઇએ. કારણ કે દેશની ઉન્નતિનો મૂખ્ય આધાર સારા કાયદા ઉપર જ છે. તો સુધરેલી પ્રજાએ તેવા કાયદા સરકાર પાસેથી ઘડાવવા જોઇએ. ને તેનું વિશેષે કરીને જ્ઞાન મેળવવું જોઇએ.

તાત્પર્ય—જે દેશમાં સારા કાયદા છે. તે દેશ હુન્નરી, સુખી, ને પૈસાદાર ધારવો. ને જે દેશમાં જુલમી કાયદા છે. તે દેશ જંગલી, અણસુધરેલો ને નિર્ધન જાણવો. માટે સુધરેલી પ્રજાએ સારા કાયદા કરાવવા તથા કરવા.

(જુઓ. ગાં—મા—પુ—૭ પાઠ ૧૦૯)

પાઠ ૨ સોબતની અસર.

સારી સોબતથી સારી ચાલ, સારી નીતિ, સારૂં જ્ઞાન, ને સારાં કામ કરવાનું શીખીએ છીએ ને બુદ્ધિ વધે છે. નઠારી સોબતથી નઠારી ચાલ, નઠારી નીતિ, નઠારૂં જ્ઞાન, ને નઠારાં કૃત્યો કરાય છે. જેથી લોકમાં આબરૂ રહેતી નથી ને અત્યંત દુઃખ પામે છે, બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, ધંધો કરવાનું સુજતું નથી.

સન્ગીતકલા આ દુઃખી સંસારમાં સુખ દુઃખમાં શાન્તિ આપી મનને સમાધાન કરનારી છે. તે પણ સંગતનો ભાગ ગણાય છે.

માટે મીનતાઇ બાંધતાં સારી ખોટીનો વિચાર કરવો જોઇએ. નહિતો "નાદાનકી દોસ્તી જીવકા જાન" એ કહેવત ખરી પડે છે. માટે સોબત કોઇ સારા ગુણવાળાને નીતિવાન, વિદ્વાન માણસની કરવી જોઇએ. તેથી સુકૃત્યો કરવાનું અને સારાં આચરણે ચાલવાનું ભાન થાય છે. તેથી સંસારરૂપી દરીઆમાંથી તરી ઇશ્વરનું ઓળખાણ થઇ સ્વર્ગનાં સુખો મળે છે.

દા. ૧ કલાલની દુકાનમાં બેશી દૂધ પીતા હોઇએ તો પણ દારૂ પીએ છે એમ લોક માને છે.

તાત્પર્ય—સતસંગ કરવાથી સારાં લક્ષણ આવે છે, ને સુખ મળે છે. પણ કુસંગથી ઘણાં દુઃખ વેઠવાં પડે છે માટે કદી કુસંગ કરવો નહિ. ને સતસંગ કરી, સદાચરણમાં ચાલી, સુકૃત્યો કરી, પ્રભુથી ડરી, એક બીજાનું ભલું કરી, જગત્ નિયંતાની હમેશાં ભક્તિ કરવી.

(જુઓ વાં—મા—પુ—૭ પાઠ ૧૧૦—૧૧૧).

પાઠ ૩ લાંચ.

લાંચ એ અન્યાયનો એક ભાગ છે. માટે લાંચ લીધાથી અન્યાયને વિશ્વાસઘાત બંને થાય છે. તેમજ પ્રભુનો મોટો ગુનો થાય છે. ને ન્યાય વેચ્યો કહેવાય છે. એટલે પૈસાદાર ફાવી જાય છે, પણ બિચારા ગરીબ બચરકાઇ મરે છે. લાંચ ન લેતાં નિષ્પક્ષપાતપણે ન્યાય આપવાથી કીર્તિનો વધારો થાય છે, ને પોતાનો ધણી તેમજ પ્રભુ રાજી રહે છે. લાંચીઆ જ્યારે રાજા તરફથી પકડાય છે, ત્યારે સખત શિક્ષા થાય છે, આબરૂ જાય છે, ને લોક ધિક્કારે છે. લાં-

એવા અમલદાર પ્રજાપ્રીય કદી પણ થતા નથી.

લાંચ ન લેતાં પોતાને મળતા દરમાયા ઉપર આધાર રાખી ગુજરાન કરી ન્યાય કરવો જોઇએ લાંચીઆને હમેશાં ચીંતામાં રહેવું પડે છે. કારણ કે લાંચ ઉઘાડી પડશે તો હવે હું માર્યો જઇશ એવી ધાસ્તીથી સુખે નિદ્રા આવતી નથી.

માટે લાંચ ન લેતાં પૈસાદાર, ગરીબ, ઉંચ, નીચ, રંક, ને રાજા સર્વને સરખો ન્યાય આપવો.

તાત્પર્ય—જીવ જતા સુધી પણ લાંચની આશાએ કે વગ વસીલાની પક્ષપાતથી ન્યાય કરવો નહીં. પણ ન્યાયીનો ઇલકાબ હાથ કરવો.

(જુઓ વાં-મા-પુ-૭ પાઠ ૧૨૪).

પાઠ ૪ સ્વચ્છતા.

સ્વચ્છતા એટલે ચોખ્ખાઇ રાખવાથી મનુષ્યને ભયંકર રોગ પેદા થતા નથી. આયુષ્યનો વધારો થાય છે, ને સુખી રહે છે. તેમજ સુઘડતાથી સુંદર દીપી ઉઠે છે. કપડાનું જતન થાય છે. વળી કરકસરનો ધર્મ પાળવામાં આપણને એથી સારી મદદ મળે છે. સાફસુફ રહેનારા માણસ કરતાં ગંદીટેવના માણસોને ખસ, કોહો વિષ્ફોટક વગેરે ચેપીરોગો વહેલા વળગે છે.

મલીન રહેવાથી મનુષ્યને જાતજાતના રોગ પેદા થાય છે. આપણું સુરત હોઇ જાણે કે લોકોના મતને તુચ્છ ગણતા હોઇએ, અને આપણો પંથ સૌથી ન્યારો હોય, એવું દેખાય છે. આથી આપણી નાલાઇકી જણાય છે.

માટે શુદ્ધવ્યવસ્થામાં ને બીજી ખાવાપીવાની ને ઓઢવા પહેરવા

વાની રીતભાતમાં સ્વચ્છતા રાખવી, શરીર નહાઇ ધોઇને સાફ રાખવું. આથી પાપી કર્મના યોગથી ચઢેલા મેળથી મનને ધોઇ નાખવાની જરૂર જણાઇ આવે છે. કહેવત છે કે "આચાર હોય તો વિચાર પણ સુધરે" એટલા વાસ્તે એને સઘળા ધર્મોમાં ધર્મનો ભાગ ગણ્યો છે. જેમ કે આપણે હજામત કરાવી નહાવું, તેમજ નાહ્યા વગર ખવાય નહીં, ઝાડે ફરી આવી હાથ પગ ધોવા વગેરે કેમકે એથી સ્વચ્છતા રહે છે.

તાત્પર્ય—શરીરની સુઘડતા રાખવાથી જીંદગાની વધે છે, ઘણું કરીને રોગ થતા નથી, લુગડાંલતા સાફ રહી કરકસરની ટેવ પડે છે, વળી એને ધર્મનો ભાગ ગણવાથી પાપ કર્મથી દુર રહેવાનું મન થાય છે, માટે સ્વચ્છતા ઘણીજ અગત્યનો વિષય છે. તો સર્વેએ સ્વચ્છ રહેવાની ટેવ પાડવી.

(જુઓ વાં-મા-પુ-૭ પાઠ ૧૩૫.)

પાઠ ૫ ધર્મ.

श्लोक.

अहार निंद्रा, भय, मैथुनंच, सामान्य एनत् पशुभिःनराणाम्)
धर्मो हितेशा मधिको विशेशने, धर्मेण हिनाःपशुभि समानाः॥

हितोपदेश.

ધર્મ એ સર્વથી અગત્યની ચીજ છે. ને તેજ આપણને આખરે તારનાર છે. અહિંઆં આપણે અઘોર પાપ કરી ઇશ્વરને ન ઓળખતાં, ધંધામાં ગચી રહી નકામી જીંદગાની ગુમાવીએ છીએ. તે

ધારીએ છીએ કે પ્રભુ ભક્તિ માટે ઘણોજ વખત છે, પણ તે ખોટું છે. જો હમણાંજ કાળ આવીને ઝડપી લેશે તો પ્રભુની ન્યાય કચેરીમાં શો જવાબ આપશો.

માટે અમર આત્માના ઉદ્ધાર ખાતર પ્રભુને ઓળખો. કારણ કે મુઆ પછી આ દુનિઆમાંની એક પણ ચીજ સાથે આવનાર નથી. અને હાલ આપણે જે કરીએ છીએ તે સર્વ ફોકટ છે. પણ પ્રભુ ભક્તિજ સાચીને સ્વર્ગનો રસ્તો બતાવનારી, તેમજ પ્રભુનો પાર અપાવનારી છે. તોહે મૂર્ખ મનુષ્ય નકામો ગર્વ તજીદઇ દ્રઢ વિચાર કરી સર્વ નિંતા પ્રભુને ભજ ને તારા પ્રાણનો ઉદ્ધાર કર નહિ તો અઘોર નર્કમાં દુઃખો ભોગવવાં પડશે.

તાત્પર્ય—હમેશાં પ્રભુની ભક્તિ ને સત્કર્મ કરવાં. કારણ કે આપણને તારનાર, છુરાડનાર, ને સ્વર્ગમાં દાખલ કરનાર, તથા આપણો ખરાખોટાનો ન્યાય કરનાર તેજ છે.

(જુઓ—વાં—મા—પુ—૭ પાઠ ૧૪૯).

પાઠ ૬ ઉદ્યોગ.

પરમેશ્વરે જે જે વસ્તુ સરજી છે, તે મનુષ્યની મહેનત સિવાય ઉપયોગમાં લેવાય તેવી હોતી નથી. જીંદગાનીના સુખનો આધાર ઉદ્યોગપરજ છે. આળસુ માણસ ભૂખે મરે છે. લોઢું કાટથી ખવાય છે. તેમ શરીર આળસથી ખવાય છે. માટે પળ પણ નકામી ન જવા દેતાં પોતાના ધંધામાં મચ્યા રહો. કારણ કે કાલે શું થશે તે તમે જાણતા નથી, જેથી આજનું કામ કાલ ઉપર રાખવું નહિ. માણસને જ્યારે ધંધો હઠાવે છે, ત્યારે તે મનુષ્યની પડતી દશા

થાય છે. પણ જેણે ઉદ્યમને હથીઆર કરી ફતેહ મેળવી છે. તેની ચઢતી થયા સિવાય રહેશે નહિ. ને દરિદ્રતા તેના બારણા સામું જોવા પણ પામશે નહિ.

દા. ૧ ઉદ્યોગથી અંગ્રેજ લોકની ચઢતી થઈ દેશાધિપતી થયાછે.

તાત્પર્ય—ઉદ્યોગ કરવાથી લક્ષ્મી અને આયુષ્ય બંને વધે છે. ને સુખ મળે છે. એટલે શરીર કસોટીએ ચઢવાથી રોગ પણ થતા નથી. પણ આળસથી તન ને મન બંને બગડે છે. ને દરિદ્રતાના માઠાં પરિણામ ભોગવવાં પડે છે.

(જુઓ. વાં–મા–પુ–૭ પાઠ ૧૫૪).

પાઠ ૭ પ્રભુ પાડ.

પ્રભુએ જે સર્વ ચીજ બનાવી છે, તે આપણા ઉપયોગને ખાતર બનાવી છે. અને તે આપણને રાત દિવસ સાચવે છે. વળી બારે જેનાં ભરણ પોષણ કરનાર પણ તેજ છે. માટે તેના અસંખ્ય પાડ ભુલવા ન જોઇએ. ને હમેશાં તેની બીક રાખી ભક્તિ કરવી જોઇએ.

નઠારાં કૃત્યો કરી સંસારના મોજ શોખ ભોગવી પ્રભુને જે માણસ ભજતો નથી તે અહીં પણ દુઃખી થાય છે, ને પરલોકમાં પણ દુઃખ પામે છે. તથાપી પ્રભુ પોતાનો પિતૃભાવ ભુલી જતો નથી. પણ માણસ તેને ઓળખતો નથી. ત્યારે અઘોર દુઃખમાં ફેંકી દેછે.

તાત્પર્ય—સારાં કૃત્યો કરી પ્રભુનો પાડ માની હમેશાં ભક્તિ કરી સ્વર્ગનું અભય પદ મળવા પ્રયત્ન કરવો જોઇએ.

(જુઓ. વાં–મા–પુ ૬ પાઠ ૧૯૪).

પાઠ ૮ કરજ.

"ઉદાર જન પાસેથી પણ, કરજ ન કરો ગરીબ;"
આફત એ નાની નથી, અજમાવોજ નસીબ.

કરજ એટલે દેવું. આપણા લોકો દેવાદાર થઇને પોતાની પ્રજાને આપત્તિમાં નાંખે છે. જેથી ચિંતાતુર થઇને તે બિચારા પોતાની જીંદગી લગી દુઃખી અવસ્થામાં દિવસ ગાળે છે. ભીખ માગવાનો વખત આવે છે, આબરૂ રહેતી નથી, જૂઠા ગણાય છે, ને કટ ફૂટ થઇ રહે છે. નાતવરા, કન્યાવિક્રય, અવિચારી ખરચો ને ઘરેણાં ગાંઠાંના અધમ ચાલો એ દેવાદાર થવાનાં મુખ્ય કારણ છે.

તો કુચાલથી વેગળા રહી પોતાની કમાઇનો ને ખર્ચનો અડસટ્ટો વિચારીને ખર્ચ કરવાથી, કદી પણ દેવાના દરીઆમાં ડુબી મરવાનો વારો આવતો નથી. પોતાનો નિર્વાહ સુખે થઇ શકે છે. ને આબરૂ વધે છે.

તાત્પર્ય—નાતવરા, કન્યાવિક્રય, ઘરેણાં ગાંઠાં, ને અવિચારી ખર્ચ ન કરતાં પોતાના ગજા પ્રમાણે ખર્ચ કરી, ભવિષ્યનો વિચાર કરી દેવું કરવું ન જોઇએ. ને નાણાંનો સંગ્રહ કરવો જોઇએ.

(જુઓ. વાં–મા–પુ–૭ પાઠ ૧૯૦.)

પાઠ ૯ સંપ.

સંપ એટલે એક બીજા સાથે હળીમળીને ચાલવાથી શત્રુ પણ જીતી શકતો નથી લક્ષ્મીને વિદ્યાનો વધારો થાય છે.

કુસંપથી શત્રુનું જોર ફાવે છે. ધનને લક્ષ્મીનો નાશ થાય છે. ચિંતાથી શરીર ગળી જાય છે. ને સુખે સુવાનો વારો આવતો નથી.

તાત્પર્ય—સંપ કરી એક બીજા સાથે હળીમળીને રહેવું જોઇએ.

દા. ૧ એક ડોસાએ પોતાના છોકરાને લાકડાની ભારી મંગાવી બોધ કર્યો કે જેવી રીતે આખી ભારી ભાગી શકાતી નથી. તેવી રીતે તમે જો સંપથી રહેશો, તો શત્રુ તમને બિખેરી નાંખનાર નથી. પણ ભારીનાં લાકડાં એક પછી એક ભાગતાં ભાગી જાય છે. તેમ જો તમે કુસંપ કરોતો ભારીની પેઠે ભાગી જતાં વાર લાગશે નહિ.

દા. ૨ કુસંપથી પૃથુરાજ જેવા મહાન પ્રતાપી ચક્રવર્તી રાજાએ પોતાનું રાજ્ય ગુમાવ્યું છે. પાંડવ જેવા પણ વનમાં ભટકી ભટકીને નાશ પામ્યા.

(જુઓ વાં–પુ–૭ પાઠ ૧૯૬ તથા પુ–૬ ૧૪૫).

પાઠ ૧૦ જુલમ.

પરમેશ્વરે સર્વ માણુસ જાત બનાવી છે. ને તેના નેક રાજ્યમાં રંકને રાજા સરખાજ છે. માટે મનુષ્ય પ્રત્યે ભ્રાતૃ ભાવ રાખી કોઇનું ભૂંડું ઇચ્છવું નહિ. કોઇપર જુલમ પણ કરવો નહિ, સર્વને સમાન ગણુવા.

સરકારી હોદ્દાની રાહે પ્રજાપર જુલમ કરવો નહિ. કેમકે એકતો પ્રભુના ને બીજા સરકારના ગુનેગાર થઇએ છીએ. જંગલી સ્વભાવવાળા, મનુષ્ય પ્રત્યેની પોતાની ફરજ ભુલી જઇ જુલમ ગુજારે છે. પણ કેળવાયલા જ્ઞાની માણુસો સર્વને સમાન ગણી જુલમ કરતા નથી. જુલમ કરવાથી પ્રભુની આપણા ઉપર ઇતરાજી થાય છે. પણ જુલમ ન કરતાં સર્વને સરખા ગણી ઉપકાર કરવાથી પ્ર-

ભુ નિરંતર રાજી રહે છે. કોઇ નીચ કે ઉંચ, ગરીબ કે તવંગર, કે કોઇ બીજાપર સહજ વાતમાં પણ જુલમ ગુજારવો નહિ.

(વાં–મા–પુ–૭ પાઠ ૨૦૮).

પાઠ ૧૧ જોશીઓની વિદ્યા.

હિંદી પ્રજાને ધમકાવનારી જૂઠી જન્મોત્રી, ગ્રહદશા, શુકન, અપશુકન, સારાં નરસાં પરિણામની અગમચેતી, માણસને ચિંતાતુર બનાવી, ઘણાક ધંધા રોજગારમાં ના ઉમેદ કરે છે. પણ સમજવું જોઇએ કે સતકર્મો, ને સદ ઉદ્યોગ, એજ સારી દશા છે. ને નઠારાં કામોને આળસ એજ નઠારી દશા છે.

(જુઓ. વાં–ગા–પુ–૨૨૯).

પાઠ ૧૨ અમુલ્ય તક.

વખતરૂપી ઘોડાની ચાલવાની ઢબ એવી છે કે તેની લગામ ઉદ્યોગી, સિવાય કોઇના હાથમાં રહેતી નથી. તેમજ વખતની સાર્થકતા એજ કે તકાની એક પળ પણ ન ગુમાવતાં પોતાના ઉદ્યોગમાં મચ્યા રહેવું. ગએલો વખત હજારો રૂપીઆ ખર્ચતાં પણ પાછો આવતો નથી. નકામો વખત ગુમાવી. આળશ કરી બેસી રહીએ તો આપણાં શરીર આળસ રૂપી કાટથી કટાય છે. ને કોઇ પણ ધંધો કરવો સુઝતો નથી, ને ભૂખે મરવાનો વખત આવે છે. માટે કયે વખતે કયું કામ કરવું. તેની નોંધ બનાવી હરરોજ પોતાના ધંધામાં મચ્યા રહેવું. નોંધ કરવાથી દરરોજ જેજે કામ કર-

વાનાં હોય છે, તે જલદીથી સુગમ ભરેલી રીતે શાન્તપણે કરી શકાય છે.

દા. ૧—આદીતરામે પોતાની નાની નામે છોકરીને પોતાની પત્નિના મરણથી ઘરના કામકાજમાં તથા બાંડુઓને શીખવવાના કામમાં, તથા પોતાનો અભ્યાસ જારી રાખતાં ગભરાએલી જોઇને. વખતનો ખરો ઉપયોગ કરતાં શીખવી.

(જુઓ–વાં–મા–પુ–૭ પાઠ ૨૩૫ થી ૨૩૭).

પાઠ. ૧૩ પ્રભુ શાથી રીઝે છે.

હે વહાલા ભાઇ પ્રભુ ભક્તિ આદરી. સત્કર્મો કરી પરસ્પર દયાને ઉપકાર કરવાથી, પ્રભુ હમેશાં રાજી રહે છે. પણ ઉલટું મુનિવ્રત ધારણ કરી શરીરને કષ્ટ આપી દહાડા નિર્ગમન કરવાથી પ્રભુ કદી પણ મળતા નથી. ઉલટા રીસે ભરાય છે. નર્કના અઘોર દુ:ખમાં નાંખે છે. પ્રભુ તપ, સમાધિ, વ્રત, વગેરેથી રાજી થતો નથી પણ સત્કર્મ કરી સદાચરણ પાળી પરમાર્થ કામ કરવાથી ખુશી થાય છે. સંસાર તજી તપ, સમાધિ, અબોલવ્રત, ધારણ કરવાથી ઇશ્વરી નિયમ વિરૂદ્ધ આચરણ થાય છે.

(જુઓ–વાં–મા–પુ–૭ પાઠ ૨૪૩).

પાઠ. ૧૪ ધૈર્ય.

ધૈર્ય એટલે હિંમત—ગમે તેવી વિપત્તિ કે દુ:ખ આવી પડે તે ખમવાને શક્તિમાન થવું તે આ સદ્ગુણ ઘણોજ અગત્યનો છે. કેમકે એ વગર શાંતિ ભોગવાતી નથી અને સુખ મળતું નથી.

જે કોઇ દુઃખથી ડરે છે, તે ભગનો ગુલામ થઇ રહે છે. તેની આખી જીંદગી ભયમાંજ ગુજરે છે. કેમકે દુઃખ કેડવાની ને પંડે શક્તિ ધરાવતો નથી, અને સારૂં કરવાની તેનાનાં હિંમત હોતી નથી.

માટે ચોખું અંતઃકરણ અને ઇશ્વર ઉપર દ્દઢ વિશ્વાસ રાખવા કેમકે એથી મન દૃઢ થાય છે, અને આવતું દુઃખ દુર રાખવાને કે તેની લાગણી ઓછી કરવાને આપણે શક્તિમાન થઇએ છીએ.

જે પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખી તેને પોતાનો હિતકર્તા માને છે. અને સંસારમાં આવી પડતાં અનેક સુખ દુઃખ જોઇ તડકા છાંયડા વેઠેલો છે. તે સિંહના જેવો હિંમતવાન થાય છે. માટે ગમે તેવું દુઃખ આવી પડે તોપણ હીંમત હારવી નહિ. ને ધીરજ રાખી સહન કરવું.

દા. ૧ હરીચંદ્ર, સીતા, દ્રૌપદી આદીને ઘણાં દુઃખો પડયાં તોપણ પોતાની હીમત ન છોડતાં ધીરજ રાખી સહન કર્યા હતાં.

(જુઓ–વાં–મા–પુ–૭ પાઠ ૬૦).

પાઠ ૧૫ આળસ.

श्लोक.

आलस्यंहि मनुष्याणां, शरीरस्थो महारिपु ः।
नास्त्युद्यमो समो बंधु, कृत्या यंना वसीदति ॥

આળસ એટલે કામ કરવામાં બેદિલી રાખવી તે. આ ગુણ સઘળા દુર્ગુણની માતા અથવા મૂળ છે. આથી ભારે સંકટોમાં આવી પડાય છે, વિદ્યાભ્યાસ થતો નથી, કામ બગડે છે. દરિદ્રતા વધે

છે. ને શરીર નિર્બળ થાય છે. પૈસાનું નુકસાન થાય છે. જેણે જુવાનીમાં આળસ રાખી તેને અઘોર અવસ્થામાં ને ઘડપણમાં અક્ષમને નિરર્થક કામ કરવાં પડે છે. ઘડપણમાં નડતાં ઘણાં દુઃખનુ કારણ પણ જુવાનીમાં રાખેલી આળસ છે. એમ વિચારવાથી માલુમ પડે છે.

માટે જુવાનીનો અમુલ્ય વખત આળસમાં ન ગુમાવતાં ઉદ્યોગમાં મચ્યા રહેવું. કે જેથી ઘડપણમાં દુઃખ ખમવાં ન પડે કહેવત છે કે "માણસ આળસથી કટાઇ જવા કરતાં મહેનતવડે ઘસાઇ જાય તો સારૂ."

તાત્પર્ય—કોઇ કામ કરવામાં, વિદ્યાભ્યાસમાં, ઉદ્યોગમાં, જો આપણે આળસ રાખીશું. તો મોટપણે ઘણાં સંકટો વેઠવાં પડશે૪ જેથી આળસ દુર કરી પોતાના ધંધા રોજગારમાં હમેશાં ખંતથી મચ્યા રહેવું.

દા. ૧ એક આળસુ છોકરાને તેના બાપે નિશાળમાં મુક્યો પણ તે રમતમાં દિવસ ગાળવા લાગ્યો. પછી એક દહાડો તેણે કીડીને કહ્યું આવો આપણે રમીએ તેણે કહ્યું મૂર્ખ મારે દરમાં દાણા લઇ જવા છે, તે રમવું કેમ પાલવે—એમ કહી ગઇ પછી રસ્તે જતા એક કૂતરાને બોલાવી રમવા કહ્યું, ત્યારે તે કહે મારે મારા ધણીના કામે જવું છે તે આળસુ થએ કેમ પાલવે. એમ બોલી તે પણ ગયો. પેલો છોકરો આથી સમજ્યો કે જનાવર સરખાંએ નવરાં રહેતાં નથી. પણ હું ભણ્યા વગર ઠોઠ રહ્યો જેથી પછી તેણે સારી રીતે ભણવું શરૂ કીધું ને રતેહ પામ્યો.

(જુઓ—વાં—મા પુ—૩ પાઠ ૧૧૨).

પાઠ ૧૬ લોભ.

પોતાની સ્થીતિપર સંતોષ ન માનતાં ન્યાયથી કે અન્યાયથી જે તે ચીજનો વધારો કરવાની ઇચ્છારૂપી દુર્ગુણને લોભ કહે છે. અતિલોભ રાખી કોઇ માણસ પૈસાદાર થવા ઇચ્છે તો ઉલટો પોતાની ગાંઠનુ વીત ગુમાવી દેછે. લોભીને કોઇ ચહાતું નથી. તેનો વહેવાર રહેતો નથી. લોભરૂપી દુર્ગુણ, ચોરી, ઠગાઈ વગરે નઠારાં કૃત્યો કરાવવાની મતિ સુઝાડે છે. ને આખરે દુઃખમાં ફસાવે છે.

જે માણસ લોભ કરતો નથી. ને પોતાને મળેલી સ્થિતિમાં સંતોષ માને છે. તે સુખી થાય છે, આબરૂ વધે છે, ને પ્રભુ રાજી રહે છે.

દા. ૧ એક લોભિઆને ત્યાંથી એકજણ તપેલાં માગી લાવ્યો. થોડા દિવસ પછી બીજાં નાનાં ઉમેરી આપવા ગયો. લોભિઆએ પૂછ્યું કે આટલાંજ લઇ ગયા હતા? તેણે કહ્યું હું થોડાં લઇ ગયો હતો પણ તે વિઆયાં, માટે આ નાનાં તે મોટાનાં બચ્ચાં છે. લોભિએ મૂર્ખ જાણી વધારે ન પુછતાં ઘરમાં મૂક્યાં. ફરીથી થોડે દહાડે તેજ માણસ પાછો આવી બધાંએ લઇ ગયો. પાછાં આપવા ન આવવાથી. કેટલેક દિવસે લોભિઓ લેવા ગયો. ત્યારે તેણે કહ્યુ કે. તપેલાં તો મરી ગયાં. લોભિઓ બોલ્યો તું નાદાન છે. તપેલાં તે મરતાં હશે? પેલે કહ્યું ભાઇ સાહેબ. જરા વિચારો તપેલાં તે વિઆતાં હશે? એમ કહી આપ્યાં નહિ. કહેવત છે કે "લોભિયા વસતા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે."

(જુઓ. વાં–મા–પુ–૪ પાઠ. ૧૬૧ તથા પુ–૩–પાઠ ૮૮–૮૯)

પાઠ. ૧૭ તરત બુદ્ધિ.

કેટલાંક કામ એવાં હોય છે કે જેમાં તરત બુદ્ધિનો ખપ પડે છે. વિચાર ન કરતાં જોઇ રહેવાથી ભયંકર પરિણામ થાય છે. આવો અમુલ્ય વખત કદી આવતો નથી. જેથી જીંદગાનીનો, કે ધનનો, કે વહાલી ચીજનો નાશ થાય છે. માટે.

અકસ્માત બનતા બનાવોમાં તરત બુદ્ધિથી ઉપાય યોજી કાઢી સંકટમાથી છુટા થવાનો પ્રયત્ન કરવો.

દા. ૧ ખેતરમાં કાપણી કરતાં એક માણસને દાતરડું વાગ્યું. તેથી હાથની ધોરી નસ કપાઇ, ઘણું લોહી વહી જવા લાગ્યું. તે માણસને જોઇ તેની આસપાસના સઘળા માણસો ઘભરાઇ ગયાં. પણ ઉપાય કરવો કોઇને સુઝ્યો નહિ જેથી તે લોહી બંધ ન થતાં વધારે હેરાન થવા લાગ્યો. એટલામા એક જોરાવર ચંચળ છોકરી દોડી આવી. પોતાના ચણિયાના નાડાનો કકડો કાપી તરત હાથે બાંધી દીધો જેથી લોહી બંધ થયું. ને તે માણસ બચ્યો.

(જુઓ. વાં—મા—પુ—૪ પાઠ ૩૫૦).

પાઠ. ૧૮ સંતોષ.

સંતોષ એટલે જે સુખ તથા ફાયદા આપણે ભોગવીએ છીએ તે, તથા જે વિપત્તિ આવી પડે તે સહન કરવાની શક્તિ. આપણે થોડાને પાત્ર છીએ જ્યાં હાલ આપણને વધારે સુખ છે, તેનો વિચાર કરવો. આથી આપણી આ વૃત્તિ દૃઢ થાય છે. જે પોતાની હાલતમાં સંતોષ માને છે તેના હૃદયમાં શાંતિ રહે છે સઘળી વસ્તુઓ

જોઇ આનંદી રહે છે. તેથી બધાંની સાથે તે ભળતો રહે છે. ને બધા તેની સાથે પણ મળતા રહે છે.

જ્યાં નરમાશ છે ત્યાં સંતોષ જરૂર હોય છેજ.

અસંતોષથી આપણે પોતાને માટે હદથી વધારે ઉંચું ગત ધરાવીએ છીએ. કેમકે આપણી હાલત આપણી લાયકી કરતાં ઓછી છે, એમ સમજાય છે. આથી બીજાનું સુખ જોઇ અદેખાઇ પેદા થાય છે. અને તેમ થવાથી ચિંતામાં આપણા શરીરનો નાશ પણ થાય છે, ચીડાવાનો તથા માઠું લાગવાના દુર્ગુણો આવે છે. અને સર્વને અણગમતા થઇ પડીએ છીએ.

તાત્પર્ય—જે સુખ આપણે ભોગવીએ છીએ. તે બધાં સર્વ શક્તિમાન ઇશ્વરે આપેલાં છે. અને દરેકને પોતાની લાયકી પ્રમાણેજ મળેલાં છે. જેથી આપણાથી હલકા હોય તેની સાથે આપણે મુકાબલો કરવાથી સંતોષ પ્રાપ્ત થયા શિવાય રહેશે નહિ.

(જુઓ. વાં–મા–પુ–૪ પાઠ ૧૩૯).

પાઠ ૧૯ વિવેક.

દોહરો.

"ઇચ્છે સુખ અવિવેકથી, તે ક્યાંથી મળનાર;
આકતણાં બી વાવતાં, આંબો નથી થનાર.

માણસને જેવી રીતે સારાં લુગડાં દીપાવે છે. તેવીજ રીતે વિવેક પણ સદ્ગુણી માણસને દીપાવે છે. સહનશીલતા, નમ્રતા, વિ-

નંયતા, પરોપકાર કરવાની, સત્ય બોલવાની, દયા રાખવાની, દેશનું હિત ઇચ્છવાની, અને ધર્મ નીતિ પ્રમાણે વર્તવાની ટેવને વિવેક કહે છે. એથી આપણી વટ જળવાય છે. અને મહાન્ બુદ્ધિને પ્રતાપી સદ્ગુણો વખણાય છે. એ ગુણ આપણા સંસારી સ્વાર્થ સિદ્ધ કરે છે, સદ્ગુણને આરોગ્યતા જાળવે છે, અને લોકમાં આપણને માન પમાડે છે. મનુષ્યની સમજશક્તિનો નમુનો જે ડહાપણ તેની સાથે એ નજીકનો સંબંધ ધરાવે છે. માટે લોકોમાં એનું સૌથી વધારે મહત્વ છે.

અવિવેકીપણે વર્તવાથી માણસ દુર્ગુણી થાય છે, નઠારાં કૃત્યો કરે છે, પ્રભુથી ડરતો નથી, ને પાપીને નીચ થઇ જાય છે. તેનો મિત્ર તરીકે કોઇ વિશ્વાસ કરતું નથી. અને એ વગર સાર્વજનીક કામકાજને લાયક થવાતું નથી. ઘર સંસારની સુખશાતામાં હરકત આવી પડે છે. વળી પચ્છમ બુદ્ધિવાળા માણસની દોસ્તી કોઇ કરતું નથી.

તાત્પર્ય—વિવેકથી આપણું કલ્યાણ થાય છે. જેમ આ લોકને પરલોકમાં સુખ મળે છે. માટે નાનપણથીજ આ ગુણ બરાબર શીખવો. કેમકે જુવાન અવસ્થા ઉધતાઇ અને પચ્છમ બુદ્ધિ ભરેલી હોય છે. તેથી તે અવસ્થામાં આ ગુણ બરોબર માણસમાં આવી શકતો નથી. એમ છે તો નાનપણથીજ આપણા વડીલોનાં ડહાપણને તથા અનુભવને માન આપતાં શીખવું.

દા. ૧ એક વાણીઓ બીજે ગામ પોતાના ઓળખીતાને ત્યાં ગયો. ઘરમાં પેસતાં તેનાં છોકરાં આંગણામાં રમતાં હતાં પણ કોઇએ તેને આવકાર ન આપ્યો જેથી તે ચાલ્યો આવ્યો ઘરમાં ગયો

તો ઓળખીતો ખાટલા ઉપર બેઠેલો ને તેની સ્ત્રી પણ તેની સાથેજ હતી, પેલાએ તેમની ખબર અંતર પુછી પણ પેલો ઓળખીતો કાંઇ બોલ્યો તે સમજાયું નહિ પેલો ત્યાંથી આવકાર ન મળવાથી રજા લઇ નીકળ્યો. ને બીજે ઠેકાણે ગયો. ત્યાં ઘરમાં પેસતાંજ એક છોકરો મળ્યો, તેણે પેલાની ખબર પુછી ઘરમાં તેડી ગયો તો એક બાર વરસની છોડી દીઠી. તે છોડીએ તેને પાથરણું પાથરી બેસાડ્યો ને પાણીનો લોટો આગળ મુક્યો, ને પોતાના બાપને તેડવા ભાઇને મોકલ્યો બાપ આવતાં તે છોડીએ કંસાર વીગેરે રસોઇ કરી તેને જમાડ્યો. બાપે આવી પેલાની ખબર અંતર પુછી ને ગયો ત્યારે ઘરના આંગણા સુધી વળાવી આવ્યો આ ઉપરથી સમજાશે કે જે ઘેર વિવેક કરવાની ચાલ નથી તેનાં છોકરાં પણ અવિવેકી રહે છે. ને જેના ઘરમાં વિવેક છે તેનાં છોકરાં પણ વિવેકીજ નીકળે છે.

(જુઓ. વાં-માળા થું-૪ પાઠ ૭૦ થી ૭૪ સુધી).

પાઠ ૨૦ કરકસર.

કરકસર એટલે આપણી માલ મીલકતની યોગ્ય વ્યવસ્થા કરવી અને પેદાશ તથા સાધનોના પ્રમાણમાં ડહાપણથી ખર્ચ કરવું તે. આથી, સૌથી કઠણ, જે મન મારવાનો ધર્મ તે પ્રાપ્ત થાય છે. ઘણા સદ્ગુણોનું મુલ એ છે," દુર્ગુણથી રક્ષણ કરે છે. ઇંટ ચૂનાનું ચણતર જેમ મજબુત ગણાય છે. તેમ નીતિરૂપી મકાનને એ ઘણીજ મજબુતી આપે છે, વળી ઉંચા પ્રકારના ગુણો પ્રાપ્ત કરાવે છે. મતલબ કે કેફ, જુગાર, વિગેરે કુછંદ પૈસા ઉડાવ્યા વગર થતા નથી. એવા કામમાં જે કરકસરીઓ હોય તેનાથી પૈસા ખર્ચ થતા

નથી. જેથી તેઓ દુર્ગુણોમાં ફસાતા નથી. કરકસર ન કરવાથી આપણે અન્યાયી થઇએ છીએ. અને ઇશ્વર તરફથી મળેલાં સાધનો જેવાં કે, ઇંદ્રીઓ, પૈસો વગેરેને બેદીલીથી વાપરી નાંખીશું. તો બીજાઓને જેની જરૂર હોય તેને માટે આપણે બેદરકાર તથા કઠણ કાળજાના બની જઇશું. જેથી પરગજુ શી રીતે થઇશું. સામાને મદદ કરવાની સત્તા પણ નહીં રહે—આમ થવાથી દયાભાવ પણ આપણામાંથી જતો રહેશે.

તાત્પર્ય—કરકસર કરવાથી આપણને ઘણોજ ફાયદો છે. કેમકે ઇશ્વરની આજ્ઞાનુસારે બીજાને મદદ એ વગર થઇ શકવાની નથી.

દા. ૧. દુકાળના વખતમાં એક રાજાની રૈયત, નોકરો, જનાવરો, ભૂખે મરવા લાગ્યાં ત્યારે રાજા, એ બાબત પ્રધાન સાથે વિચાર કરતો હતો તેવામાં કીડીઓ રાજાએ દીઠી. તે જોઇ પ્રધાનને પૂછ્યું કે—સકાળના વખતની પેઠે, જોરમાં આ વખતે પણ આ જનાવર જણાય છે. જેથી પ્રધાને કોઠાર પાસે રાજાને લેઇ જઇ જમીનનો પોપડો ઉખાડી કીડીઓનું દર દેખાડ્યું. જેમાં ઘણુંજ અનાજ ભરેલું દેખી. રાજા આશ્ચર્યથી વિચારવા લાગ્યો, કે જનાવર જેટલું પણ આપણામાં ડહાપણ નથી. સકાળના વખતમાં દાણા, ઘાસ, ભરી રાખ્યું હોત તો આજે આટલા હેરાન થાત નહિ.

(જુઓ—વાં—મા પુ—૩ પાઠ ૮).

પાઠ ૨૧ સત્ય.

સત્યતા જગતને પસંદ છે. સાચો માણસ દરેક ઠેકાણે વખાણ

થાય છે. સર્વે લોકોમાં તે વિશ્વાસપાત્ર ગણાય છે. તેની આ લોકને પરલોકમાં ફતેહ થાય છે. શાસ્ત્ર પુરાણોમાં દરેક ઠેકાણે સત્ય બોલનારાનાં વખાણ કરેલાં છે. કુરાન વગેરે બીજા ધર્મનાં પુસ્તકોમાં પણ તેમની ઠેકાણે ઠેકાણે પ્રશંસા કરેલી જોવામાં આવે છે. ઋષિઓ જેવા મોટા લોકોએ પણ કહેલું છે કે સાચથી બીજો ઉત્તમ ધર્મ નથી. બલકે એ ધર્મ શ્રદ્ધાનું મૂળ છે.

૨. જે માણસનું બોલવું જુઠું છે. તેની શ્રદ્ધા ડામાડોળ હોય છે. તે હિંદુ કે મુસલમાન બેમાંથી એકેમાં રહેતો નથી. જે માણસ ખરેખરો બે ઇમાની છે, તે આ લોકનો કે પર લોકનો બેમાંથી એકનો રહેતો નથી. આ લોકમાં તેની ફજેતી થાય છે અને પરલોકમાં તે કાળા મોઢાવાળો પોતાના કર્તાની હજુર જવાબ દેઇ શકતો નથી. "જેમ ધોબીનો કૂતરો ન ઘરનો કે ન ઘાટનો." તેવી તેની દશા થાય છે.

દા. ૧—બાપુભાઇ કરીને એક દેશાઇ હતો તેને લલુ કરીને એક દીકરો ને લખી કરીને એક દીકરી એ છોકરાં હતાં બંને નાંનાં હતાં. પણ તેમનાં મા બાપ બંને ભલાં હતાં. જેથી આ છોકરાં પણ સારાં નીવડયાં. કોઇ દહાડો જૂઠું બોલે નહીં. હમેશાં સાચું બોલતાં. હવે એક દિવસ તેના બાપે લેખણો કરવા ચપ્પુ આણ્યો. તે બધાંએ વખાણ્યો. લલુને પણ તે ઘણો વહાલો લાગ્યો. તેથી સવારમાં હાથમાં લેઇ જે જે વસ્તુ જુએ તે કાપે એવામાં એના બાપની ભારે કીમતની પાઘડી દેખી. તે ઉપર પણ મૂક્યો. જેથી પાઘડીને મોટો ચીરો પડયો, નિશાળનો વખત થવાથી તે નિશાળે ગયો આ વાત કોઇએ ન જાણતાં જ્યારે તેના બાપે પાઘડી માથે

ખોળવા લીધી. ત્યારે પેલો કાપ જણાયો તેથી બધાંને પૂછ્યું પણ કોઈએ માન્યું નહિ. એવામાં લલ્લુ નિશાળેથી આવ્યો. તે બધાંને ભેગાં થએલાં જોઇ. બાપને પૂછ્યું શું છે? બાપે કહ્યું મારી પાઘડી કોઈએ કાપી છે. તે સાંભળીને તુરતજ છોકરે માની લીધું. પણ ગભરાયો. બાપે તેને ઠપકો ન આપતાં સાચું બોલ્યો માટે સાબા-શી આપી. ને જીવતા સુધી પછી જુઠું બોલ્યોજ નહિ.

(જુઓ-વાં-મા-પુ-૩ પાઠ ૨૯-૩૦).

સમાપ્ત.

જાહેર ખબર.

૧. સર્વે સદ્‌ગૃહસ્થોને વિનંતી કરવાની કે આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ છે. ને ઘણી જલદીથી છપાવી બહાર પાડેલી છે માટે છાપવામાં તથા પ્રુફ તપાસવામાં ઉતાવળને લીધે ભુલ રહી હોય તો તે દર ગુજર કરશો.

૨. સદરહુ પુસ્તકમાં કાંઇ સુધારો વધારો કરવાની કોઇ શિક્ષક સુચના કરશે તો બીજી આવૃત્તિ બહાર પાડતી વખતે ખુશીથી સુધારવા ધ્યાનમાં લેઇશું.

૩. આ પુસ્તક નીચેને ઠેકાણેથી રોકડી કીમતે મળશે

૧ કર્તા પાસેથી.

૨ કરખડી તાલુકે પાદરાની સ૦ ગુ૦ શા. મે. રામચંદ્ર બાપુજી પાસેથી.

૩ અકોર બુકસેલર નરોતમ લક્ષ્મીરામ પાસેથી.

૪ કનીપુર તા. આતરસુંબા મગનલાલ હાજીરામ પાસેથી.

૫ આતરસુંબામાં. શા. જેચંદ સાંકળચંદ પાસેથી.

૪. દેશાવરના ગ્રાહકોને વેલ્યુપેએબલથી મોકલવામાં આવશે.

૫. ૧૦ નકલ ખરીદ કરનારને ૧ નકલ બક્ષીસ આપવામાં આવશે. રૂ૫ ૫ંદર ઉપરાંત ખરીદ કરનારને સેંકડે ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

૬. પાંચ અને તે ઉપરાંત નકલો મંગાવનારને કમીશન સિવાય ટપાલ ખર્ચ પણ માફ કરવામાં આવશે.

૭. નાણાં મોકલવાનું ખર્ચ મંગાવનારના શીર છે.

કીરપાશંકર બાપુજી સેલત.

બહીએલ તા૦ દેહગામની શાળાના

હેડ માસ્તર.